# શહેરમાં મેઘમહેર યથાવત : વધુ એક ઈંચ

## સિઝનનો ૩૦ ઇંચ વરસાદ : સેકટરોમાં વરસાદી સમસ્યાઓથી રહીશો ત્રસ્ત : જનજીવન પ્રભાવિત માર્ગોનુ પણ ધોવાણ

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજા મહેરબાન છે. શહેરમાં ગઈકાલે ૩ ઈંચ વરસાદ વરસ્યો હતો જયારે આજે પણ વરસાદના લીધે શહેરનુ જનજીવન પણ પ્રભાવિત જોવા મળ્યુ હતુ. વરસાદી વાયરા વચ્ચે નગરજનો ઉકળાટમાં રાહત અનુભવી રહ્યા છે. જયારે નિખરતી હરિયાળી



દિવસ દરમિયાન આકાશમાં ઘેરાયેલા કાળા ડીબાંગ વાદળો વચ્ચે ઝરમર વરસાદ સતત ચાલુ રહ્યો હતો દિવસ દરમિયાન વરસતા વરસાદથી શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. જયારે સતત વચ્ચે નગરમાં ઠંડકનુ મોજુ પ્રવર્તયુ હતુ. છેલ્લા ૨૪ કલાકમાં એક ઈંચ વરસાદ થયો હતો. જયારે શહેરમાં સિઝનનો અંદાજિત ૩૦ ઈંચ વરસાદ થયો છે.

શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજા બેટીંગ કરવાના મુડમાં છે. છેલ્લા ત્રણ દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદના હળવા ભારે ઝાપટા નગર પર હેત વરસાવી જાય છે. ગઈકાલે પણ શહેરમાં ૩ ઈંચ વરસાદ વરસ્યો હતો જયારે શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો વચ્ચે સતત વરસાદી ઝાપટા વરસી રહ્યા છે. દિવસ દરમિયાન અલપ ઝલપ વરસતા વાદળોના લીધે શહેરમાં ભીંજારાનો માહોલ યથાવત છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૨૦ મી મી વરસાદ વરસ્યો હતો. ગઈકાલે સાંજથી સવાર સુધી ૬ મી મી અને આજે દિવસ દરમિયાન ૧૪ મી મી વરસાદ નોંધાયો હતો. અલબત્ત એક ઈંચ વરસાદમાં પણ શહેરમાં ઠેર ઠેર કાદવ કિચ્ચડ વચ્ચે વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. સતત વરસાદના લીધે શહેરના સેકટરોમાં વરસાદી સમસ્યાઓએ પણ ભરડો લીધો છે. સેકટરોમાં કાદવ કિચ્ચડ અને ગંદકી વચ્ચે જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે. જેના લીધે શહેરમાં આગામી દિવસોમાં મેલેરિયા અને ડેન્ગ્યુ સહીતના રોગચાળો માથુ ઉંચકે તેવી દહેશત છે. એકબાજુ કોરોનાની મહામારીથી જનજીવન ત્રસ્ત છે. ત્યારે અન્ય રોગચાળો ન પ્રવર્તે તે માટે પણ તંત્રએ સાવચેતીના ત્વરિત અને

● અનુસંધાન પાન-૭ પર



સર્વત્ર રાજ્યમાં સતત મેઘ મહેર વરસી રહી છે અને ઉત્તર ગુજરાતમાં સારો વરસાદ થવાને કારણે સાબરમતી નદીમાં નવા નીર ઉમટી આવ્યાં છે. ગાંધીનગરના સંત સરોવર ખાતે પણ ૫૬૦૦ ક્યુસેક પાણી આવ્યુ છે જે પ્રાંતિજ નજીકના લાકરોડા ડેમમાંથી છોડવામાં આવ્યું છે. આ કારણે સંત સરોવરની સપાટી વધતાં આંખને ઠારે તેવા દશ્યો સર્જાવા પામ્યાં છે.

# ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આજથી પુરક પરીક્ષા

ગાંધીનગર તા ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૦ અને ૧૨ માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લામાંથી ધો -૧૦ માં અંદાજિત ૩૨૬૬ તેમજ ધો - ૧૨માં ૯૪૦ જેટલા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષામાં હાજરી આપશે.

**બે વિદ્યાર્થીઓમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા : ધો -૧૦ માં ૩૨૬૬ અને ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૪૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે**

શિક્ષણ બોર્ડ દ્વારા આજે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જયારે વરસાદી વાયરામાં કોરોનાના વધતા કહેર વચ્ચે શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૦ અને ૧૨ ની પુરક પરીક્ષાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લામાંથી ૩૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ પુરક પરીક્ષામાં હાજરી આપશે. ધો - ૧૦ અને ૧૨ માં બે વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષા યોજવામાં આવશે. જિલ્લામાં ધો -૧૦ ના ૩૨૬૬ વિદ્યાર્થીઓ માટે ૧૭ પરીક્ષા કેન્દ્રોમાં ૧૬૫ બ્લોકમાં

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદ અને ખરીફ વાવણીની પેટર્નમાં એક સાથે બદલાવ થયો : ખેડૂતોમાં ખુશીનો માહોલ

ગાંધીનગર, તા. ૨૪

જિલ્લામાં પહેલીવાર વરસાદની પેટર્ન અને ખરીફ વાવણીની પેટર્નમાં એક સાથે બદલાવ જોવા મળી રહ્યો છે. આ વખતે વરસાદી દિવસોની સંખ્યા વધી છે તેમજ સમયસર દરેક તબક્કે વરસાદ થતાં ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

**જિલ્લામાં એક લાખ ૧૦ હજાર હેક્ટરમાં વાવણી સંપન્ન : દિવેલાનું વાવેતર ૧૩ હજાર હેક્ટરમાં થયુ તો શાકભાજીનું ૧૨૦૦ હેક્ટરમાં વાવેતર : ડાંગરમાં થોડોક વધારો પણ કઠોળ-કપાસની વાવણીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે**

જિલ્લામાં આ વર્ષે સમયસર ચોમાસાના આગમન સાથે વરસાદી દિવસોની સંખ્યા વધી હોવાથી ખરીફ વાવણી માટે ખેડૂતોમાં ઉત્સાહનું વાતાવરણ સતત જળવાઈ રહેવા પામ્યુ છે.

જિલ્લામાં મુખ્ય પાક ગણાતા કપાસના પાકના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે જો કે તેલીબિયાના પાકોના વાવેતરમાં વૃદ્ધિ જોવા મળી છે. દિવેલાનું વાવેતર પણ તેની સરેરાશ જાળવી રાખશે. ડાંગરની ખેતીમાં થોડીક

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૬ કેસ નોંધાયા

## ગાંધીનગર તાલુકામાં ૮, માણસામાં ૪, કલોલમાં ૩, દહેગામમાં વધુ ૧ કેસ : જિલ્લામાં ૧૨૮૦ દર્દીઓ રિકવર થયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૬ કેસ કોરોના પોઝીટીવના મળી આવતાં તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ. કોરોનાના કેસો ગ્રામીણ વિસ્તારમાં વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં પણ વધારો થતો જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૮ કેસ, દહેગામમાં એક કેસ તો કલોલમાં ૩ કેસ અને માણસામાં વધુ ૪ કેસ નોંધાયા છે.

માણસા અર્બન એરિયામાં કોરોનાના કેસો જે ઝડપથી વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. માણસા ગ્રામ્યમાં પણ સંક્રમણના કેસો વધ્યા છે. તંત્રએ માણસા અર્બન અને ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત ટેસ્ટીંગમાં વધારો કર્યો છે.

ગાંધીનગર, કલોલ અને માણસામાં સતત કેસો વધી રહ્યા છે તંત્ર દ્વારા સર્વેલન્સ સઘન બનાવવા માટે ૧૫૦ થી વધુ કર્મયોગીઓને આઉટ સોર્સિંગથી નિમણુંક આપી છે.

ગાંધીનગર તાલુકામાં વાસણા હડમતિયા ગામેથી આજે ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાંથી પણ ૫૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સુઘડમાંથી પણ ૩૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકામાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

રાંધેજામાંથી ૪૯ વર્ષીય પુરૂષ, પેથાપુરમાંથી ૭૭ વર્ષીય વૃદ્ધ, પીપલજમાંથી ૫૨ વર્ષીય પુરૂષ, સરગાસણમાંથી ૩૨ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત આલમપુર મિલીટ્રી સ્ટેશન ખાતે પણ આજે વધુ એક કેસ નોંધાયો છે. જેમાં ૩૪ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકાના ઉદણ ગામેથી ૨૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

કલોલ તાલુકામાં આજે કોરોનાના ૩ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારના અને એક કેસ કલોલ અર્બનમાંથી આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

કલોલ તાલુકાના મોટી ભોયણ ગામેથી ૪૩ વર્ષીય પુરૂષ તેમજ ધમાસણા ગામેથી એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી આજે ૬૭ વર્ષીય વૃધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાં આજે સતત બીજે દિવસે પણ અર્બન

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૬માં ૩ અને સે.૪માં બે કોરોનાના કેસ

## પંચાયત વિભાગના ઉપસચિવ સંક્રમિત થયા : સે. ૨૬-૨૫ માં ૪ મહિલાઓ સંક્રમિત થઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ નવ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૭૨૨ થઈ છે.

આજે નોંધાયેલા કેસોમાં સે. ૨૬ માંથી ૩ કેસ તો સે. ૪ માંથી બે કેસ ઉપરાંત સે. ૧૪, ૧૫, ૨૮ અને ૨૫ માંથી કેસો મળી આવ્યા છે.

**શહેરમાં વધુ નવ કેસ નોંધાયા**

સચિવાલયના પંચાયત વિભાગમાં ઉપસચિવ તરીકે ફરજો બજાવતા એક અધિકારી, માર્કેટીંગ બિઝનેશ સાથે સંકળાયેલ વ્યક્તી પણ સંક્રમણમાં સપડાયેલ છે. શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે પણ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે.

મળતી વિગતો પ્રમાણે કોવિડ-૧૯ માટે કન્ટેનમેન્ટ ઝોન અંગેની બદલાયેલી વ્યાખ્યા પછી શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ ઘટી છે. શહેરમાં ટેસ્ટીંગની સંખ્યા વધારવામાં આવી છે તેમજ સર્વેલન્સની કામગીરી પણ તંત્ર દ્વારા સઘન બનાવવામાં આવી છે.

આજે સેક્ટર ૨૬ માંથી ૩ ગૃહીણી અને સે. ૨૫ માંથી એક ગૃહીણી એમ કુલ ૪ મહિલા દર્દીઓના કેસ મળી આવ્યા છે. જેને લઈ તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. મહિલાઓ કેવી રીતે સંક્રમિત થઈ તેની વિગતો તંત્ર દ્વારા મેળવવામાં આવી રહી છે.

સે. ૨૬માંથી આજે વધુ ૩ કેસ નોંધાયા છે. જેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. તંત્રએ આ સેક્ટરમાં સર્વેલન્સ સઘન બનાવવા માટેની સૂચનાઓ પણ જારી કરી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૬ માંથી એક ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ

● અનુસંધાન પાન-૭ પર

# વાત ગાંધીનગરની

શહેરમાં છેલ્લા બે દિવસથી શ્રીકાર વર્ષા થતાં આનંદ ઓચ્છવ અનુભવાયો છે. લીલુછમ્મ ગાંધીનગર જોવાનો લ્હાવો આજ ઋતુમાં પ્રાપ્ત થાય છે. હજુ આગામી ચાર-પાંચ દિવસ ચોમાસાની જમાવટ રહેશે. એમ હવામાન વિભાગ અને હવામાનશાસ્ત્રી બન્ને કહે છે.

**ભાજપમાં કંઈક રંધાય છે**

ભાજપ શિસ્તબદ્ધ પક્ષ હોવાની આભાને કારણે આંતરિક ગતિવિધિઓ બહાર ન આવે તે સ્વાભાવિક છે પરંતુ અંદર ચરૂ ઉકળે છે એ વાત પ્રદેશ પ્રમુખના ભાષણોમાં વંચાય છે. પ્રદેશ પ્રમુખે સૌરાષ્ટ્રના પ્રવાસ દરમ્યાન ઉચ્ચારાયેલા શબ્દો ભાજપની આવતીકાલનો અણસાર આપે છે. ક્યાંક બદલાવની દિશા ખુલતી હોય તેમ લાગે છે. વર્ચસ્વની લડાઈ ખુલ્લેઆમ લડાય છે અને કોણ કોનાથી શક્તિશાળી છે એના શાબ્દિક અંદાજો અભિવ્યક્ત થયા છે. આ બધી ગતિવિધીઓને એક જ લીટીમાં વ્યક્ત કરવું હોય તો કહી શકાય કે ભાજપમાં કંઈક રંધાય છે.

**બદલીઓની રાહ જોવાય છે**

સત્તાની શરૂઆતમાં બદલીઓ માટેના પડીકા સરકારમાં ફરતા હતાં. કેટલાય વખતથી સચિવો અને ઉચ્ચ સનદી અધિકારીઓની બદલીઓ અપેક્ષિત છે. હમણાં થશે હમણાં થશે એમ કરતાં કરતાં બે મહિનાના વ્હાણા વાયા. બદલી થતી નથી અને અધિકારીઓ મન દઈને કામ કરતાં નથી. સત્તાના સમીકરણોમાં કોણ-ક્યારે-ક્યાં ગોઠવાશે તે તો દિલ્હીવાળા જાણે..!

**મનપા-ભાજપની જૂથબંધી ઉચ્ચકક્ષાની બેઠકોમાં પણ ચર્ચાય છે**

વાત બે-ત્રણ દિવસ પહેલાંની જ છે. ઉચ્ચકક્ષાની બેઠકમાં ગાંધીનગરના વિકાસ પર ચર્ચા ચાલતી હતી. ચર્ચામાં વિકાસની શક્યતા અને પડકારોના મુદ્દાઓ ચર્ચાતા હતા. ત્યારે પણ મનપાની જૂથબંધીનો ઉલ્લેખ કરાયો હતો. છેલ્લા બે વર્ષથી મહાનગરપાલિકામાં ભાજપના બે જૂથો જાણે યુદ્ધે ચઢ્યા હોય તેવી વાત માર્મિક રીતે આ બેઠકમાં ચર્ચાઈ હતી અને આ લડાઈમાં મનપાના અધિકારીઓની સ્થિતિ સુડી વચ્ચે સોપારી જેવી છે. એટલે વિકાસ ખોરવાયો છે અને નવા કામો અટવાયા છે એવી પરોક્ષ કબુલાત પણ આ ઉચ્ચકક્ષાની બેઠકમાં ચર્ચાઈ હતી.

**...તોય ગાંધીનગરનું તળાવ તો ખાલીખમ**

રાજ્યભરમાં જળબંબાકાર છે. ગામે ગામ તળાવો છલકાયા છે. ક્યાંક ફાટ્યા છે... ક્યાંક ડેમ ઉભરાયા છે. ગાંધીનગર સહિત રાજ્યમાં પાણી પાણી છે. પણ ખાટલે ખોડ એ છે કે શહેરના પ્રવેશદ્વાર સમા વિસ્તારમાં લાખો રૂપિયાના ખર્ચે નવ નિર્મિત તળાવ છેલ્લા આઠ વરસથી ખાલીખમ છે. રાજ્યની યોજનાઓ જ્યાંથી ઘડાય છે. રાજ્યમાં તળાવોના વિકાસ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટો ઠલવાય છે તેવા ગાંધીનગરમાં ગંગા કિનારે તરસ્યા જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. સમજાતુ નથી સેક્ટર-૧ ના તળાવના નિર્માણમાં શું ખામી રહી ગઈ છે અને કદાચ રહી ગઈ છે તો દૂર કેમ નથી કરાતી ? આજકાલ કરતાં સાત-સાત વરસ થયાં છતાં તળાવ ભરવાનું કેમ ગંભીરતાથી વિચારાતુ નથી. અને ગાંધીનગરની સુંદરતામાં એક છોગુ ઉમેરવાનું કેમ તંત્ર ટાળી રહ્યું છે.

**'અર્ક' આજનો...**

ભરોસો અને આશિર્વાદ ક્યારેય દેખાતા નથી પણ તે અસંભવને સંભવ બનાવી દે છે.

# કલોલમાં બે ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ વરસાદનું જોર જોવા મળ્યુ હતુ. જિલ્લાના કલોલ તાલુકામાં બે ઈંચ તો ગાંધીનગર તાલુકામાં એક ઈંચ વરસાદ નોંધાયો હતો. જો કે દહેગામ અને માણસામાં વરસાદના હળવા ઝાપટા નોંધાયા હતા.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૩ ટકા વરસાઝ સિઝનનો થઈ ચુક્યો છે. દહેગામમાં સિઝનનો ૯૮ ટકા, ગાંધીનગરમાં ૯૩ ટકા, કલોલમાં ૮૫ ટકા અને માણસામાં ૯૫ ટકા વરસાદ આજ સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાયો છે.

જિલ્લામાં બે દિવસ દરમ્યાન થયેલા સારા વરસાદને પગલે ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં નવા પાણીની આવક વધી છે તેમજ તળાવો અને કુવાઓ રિચાર્જ પણ થયા છે.


સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ તરફથી

**સ્નેહયુક્ત શ્રદ્ધાંજલિ**



**સ્વ. પ્રતિમાબેન ભુપેન્દ્રભાઈ જાની**

(આગમન : ૧૪/૪/૧૯૫૬ ● વિદાય : ૧૮/૮/૨૦૨૦

॥ શ્રી કૃષ્ણ શરણં મમઃ ॥

રડી પડે છે આંખો મહિલાપાંખની બહેનોની જોઈ તસવીર તમારી, દરેક કાર્યક્રમમાં ખટકશે ખોટ તમારી, પલભરમાં તમે છેતરી ગયા, દેહથી આપ ભલે વિદાય થયા છતાં આપ ગયા તે મન માનતું નથી, તમારો હસમુખો ચહેરો અને ગમ્મતીયાળ સ્વભાવ સદ મહિલાપાંખની સાથે રહેશે.

પ્રભુ આપના દિવ્યા આત્માને શાંતિ આપે તેવી મહિલાપાંખના પ્રતિમાબેન જાનીને બ્રહ્મસમાજ મહિલાપાંખની બહેનોની પ્રાર્થના...

પ્રમુખ- પ્રવિણાબેન જે. વોરા | પૂર્વ પ્રમુખ- ચંદ્રિકાબેન એ. રાવલ

મંત્રી- વિમળાબેન પી. અચાસી | પૂર્વ મંત્રી- જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય

ખજાનચી- દિવ્યાબેન એ. પંડ્યા | પૂર્વ ખજાનચી- પ્રતિમાબેન ત્રિવેદી

**કારોબારી**

અંજનાબેન ગોર, ભારતીબેન જોષી, નીતાબેન પંચોલી, નીલુબેન દવે, પારૂલબેન દવે, દક્ષાબેન શુક્લ, દિનાબેન ભટ્ટ, વંદનાબેન ત્રિવેદી, ભાવનાબેન પાઠક, હંસાબેન દવે, નિશાબેન જોષી, નિલાબેન શુક્લ, અરૂણાબેન પંડ્યા, વર્ષાબેન શુક્લ, પ્રીતિબેન રાવલ, ઉર્મિલાબેન ત્રિવેદી, પ્રવિણાબેન જોષી, બરખાબેન જ્હા, કરીશ્માબેન જોષી, કૃતિકાબેન વાયડા



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com